# રાજ્યમાં નવા ૫૪૯ કેસ, વધુ ૨૧નાં મોત

## ૬૦૪ દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફર્યા : અમદાવાદમાં ૨૩૫ તેમજ સુરતમાં ૧૭૫ કેસો સપાટીએ આવ્યા : કોરોનાથી અત્યાર સુધીમાં ૧૭૧૧ મૃત્યુ

ગાંધીનગર,તા.૨૩

રાજ્યમાં સતત ૧૧મા દિવસે કોરોના પોઝિટિવના ૨૪ કલાકનો આંકડો ૫૦૦ને પાર થઈ ૫૪૯ થયો છે. આ સાથે રાજ્યમાં કુલ સંક્રમિતનો આંકડો ૨૮ હજારને પાર થઈ ૨૮૪૨૯ થયો છે. રાજ્યમાં ૨૪ કલાકમાં વધુ ૨૬ના મોત થતા મૃત્યુઆંક૧૭૧૧ થયો છે. રાજ્યમાં ૬૦૪ દર્દીઓ સાજા થતા સાજા થવાનો આંકડો પણ આજે ૨૦ હજારને પાર થઈ ૨૦૫૧૧ થયો છે. રાજ્યમાં આજે ૬૨ દર્દીઓ વેન્ટીલેટર પર છે. રાજ્યમાં સતત ૧૧મા દિવસે કોરોના પોઝિટિવનો આંકડો ૫૦૦થી વધી રહ્યો છે. જે ગુજરાતમાં દિનપ્રતિદિન કોરોનાગ્રસ્તોની સંખ્યા વધતી જઈ રહી છે. તેની તરફ ઈશારો કરી રહી છે. આરોગ્ય વિભાગ આજથી કોર્પોરેશન જિલ્લાની માહિતી અલગ અલગ આપી અચાનક જાગ્યુ હોય તેમ લાગે છે. વિભાગ દ્વારા અપાયેલી માહિતી મુજબ છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં ૨૬ લોકોના મૃત્યુ થયા છે. જેમાં અમદાવાદ કોર્પોરેશનમાં ૧૩ અને જિલ્લામાં ૨, સુરત કોર્પોરેશનમાં ૫ અને જિલ્લામાં ૧, ગાંધીનગર કોર્પોરેશનમાં ૧ અને જિલ્લામાં ૧ દેવભૂમિ દ્વારકામાં ૧, અમરેલીમાં ૧ અને પાટણમાં ૧ નોંધાયો છે. અમદાવાદમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૩૫ નવા કેસ નોંધાયા જે અત્યાર સુધીમાં બીજીવારના સૌથી ઓછા કેસ નોંધાયા છે. આ સાથે કોરોના સંક્રમિતનો આંકડો ૧૯૩૮૭ અમદાવાદમાં પહોંચ્યો છે. જ્યારે વધુ ૧૫ મૃત્યુ સાથે મૃત્યુઆંક ૧૩૬૩ પર પહોંચ્યો છે. અમદાવાદ બાદ સુરત રાજ્યનું બીજુ હોટસ્પોટ બનવા જઈ રહ્યું છે. સતત ચોથા દિવસે સુરતમાં સૌથી વધુ કેસો ૧૭૫ કેસ નોંધાયા છે. અત્યાર સુધીમાં સુરત કોર્પોરેશન અને જિલ્લાના થઈ કુલ સંક્રમિતની સંખ્યા ૩૫૪૦ થઈ છે અને કુલ મૃત્યુઆંક ૫૩ પર પહોંચ્યો છે.

રાજ્યમાં અન્ય જિલ્લામાં જામનગર કોર્પોરેશનમાં ૧૧ અને જિલ્લામાં ૧, ભરૂચમાં ૧૧, નર્મદામાં ૬, મહેસાણા અને ભાવનગરમાં ૫-૫, મહીસાગર, પંચમહાલ, કચ્છ, વલસાડ અને નવસારીમાં ૪-૪, ભાવનગર કોર્પોરેશન, ગીરસોમનાથ અને સુરેન્દ્રનગરમાં ૩-૩, સાબરકાંઠા, આણંદ, પાટણ, બોટાદ, અને છોટા ઉદેપુરમાં ૨-૨, રાજકોટ કોર્પોરેશન અને જિલ્લામાં ૧-૧, અરવલ્લી, ખેડા, જામનગર, દાહોદ, અમરેલી ૧-૧ અને અન્ય જિલ્લાના ૩ કેસ કોરોનાના છેલ્લા ૨૪ કલાકમાં નોંધાયા છે.

### ક્યા જિલ્લામાં કેટલા કેસ

| શહેર | કેસ | મૃત્યુ | ડીસ્ચાર્જ |
|---|---|---|---|
| અમદાવાદ | ૧૯૩૮૬ | ૧૩૬૪ | ૧૪૪૩૪ |
| સુરત | ૩૫૪૦ | ૧૪૦ | ૨૪૭૨ |
| વડોદરા | ૧૯૪૦ | ૪૭ | ૧૨૭૨ |
| રાજકોટ | ૧૮૮ | ૦૫ | ૯૭ |
| ગાંધીનગર | ૫૮૦ | ૨૫ | ૩૬૬ |
| ભાવનગર | ૨૦૮ | ૧૩ | ૧૩૯ |
| કચ્છ | ૧૧૭ | ૦૫ | ૮૬ |
| મહેસાણા | ૨૨૦ | ૧૦ | ૧૩૬ |
| ગીર-સોમનાથ | ૫૮ | ૦૦ | ૪૭ |
| પોરબંદર | ૧૪ | ૦૨ | ૧૦ |
| પંચમહાલ | ૧૪૪ | ૧૫ | ૧૧૪ |
| પાટણ | ૧૪૯ | ૧૨ | ૯૮ |
| છોટાઉદેપુર | ૪૩ | ૦૨ | ૩૭ |
| જામનગર | ૧૪૭ | ૦૩ | ૬૮ |
| મોરબી | ૧૦ | ૦૧ | ૦૫ |
| સાબરકાંઠા | ૧૫૫ | ૦૭ | ૧૦૨ |
| આણંદ | ૧૫૮ | ૧૩ | ૧૩૪ |
| દાહોદ | ૫૩ | ૦૦ | ૪૩ |
| ભરૂચ | ૧૬૨ | ૦૬ | ૭૯ |
| બનાસકાંઠા | ૧૬૭ | ૦૮ | ૧૪૨ |
| ખેડા | ૧૨૩ | ૦૫ | ૯૨ |
| બોટાદ | ૭૬ | ૦૨ | ૬૨ |
| નર્મદા | ૫૯ | ૦૦ | ૩૦ |
| અરવલ્લી | ૧૭૭ | ૧૫ | ૧૩૯ |
| મહીસાગર | ૧૩૦ | ૦૨ | ૧૦૮ |
| નવસારી | ૫૩ | ૦૧ | ૩૮ |
| તાપી | ૦૬ | ૦૦ | ૦૫ |
| વલસાડ | ૭૫ | ૦૩ | ૪૭ |
| જૂનાગઢ | ૬૬ | ૦૧ | ૩૯ |
| સુરેન્દ્રનગર | ૯૫ | ૦૪ | ૫૦ |
| દેવભૂમિ દ્વારકા | ૨૦ | ૦૧ | ૧૪ |
| ડાંગ | ૦૪ | ૦૦ | ૦૪ |
| અમરેલી | ૪૭ | ૦૬ | ૧૭ |
| અન્ય રાજ્ય | ૦૮ | ૦૦ | ૦૦ |
| કુલ | ૨૮૪૨૯ | ૧૭૧૧ | ૨૦૫૨૧ |

# કોન્ટ્રાક્ટરો અધિકારીઓને ગાંઠતા ન હોવાની ફરિયાદ

## ભાજપ સાંસદ મનસુખ વસાવાએ આપેક્ષ કર્યો : સાંસદે ભરૂચ જિલ્લા કલેક્ટરને કોન્ટ્રાક્ટરો સામે લેખિતમાં ફરિયાદ આપી રસ્તાઓના કામ અંગે ઉગ્ર રજૂઆત કરી

રાજપીપળા, તા. ૨૩

વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી સુધી પહોંચવા માટે સરકાર દ્વારા સારા રસ્તાઓ બનાવવાની કામગીરી ચાલુ કરાઈ છે. સ્ટેચ્યુ ઓફ યુનિટીને જોડતો અંકલેશ્વરથી ઉમલ્લા અને તવડી સુધીનો રસ્તો ખૂબ જ ખરાબ હાલતમાં છે. પ્રવાસીઓને પડતી તકલીફને લઈને ભાજપ સાંસદ મનસુખ વસાવાની રજૂઆતને પગલે ગુજરાતના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે તાત્કાલિક આ રસ્તાના પેચવર્ક માટે ૫ કરોડની ફાળવણી પણ કરી છે. તે છતાં એજન્સીના કોન્ટ્રાકટર માર્ગ-મકાન વિભાગના અધિકારીઓને ગાંઠતા ન હોવાનો ગંભીર આક્ષેપ ભાજપ સાંસદ મનસુખ વસાવાએ કર્યો છે.

ભાજપ સાંસદ મનસુખ વસાવાએ ભરૂચ જિલ્લા કલેકટરને કોન્ટ્રાકટરો વિરુદ્ધ લેખિત ફરિયાદ કરતો પત્ર લખ્યો છે. એમણે જણાવ્યું છે કે, અંકલેશ્વરથી ઉમલ્લા તવડી સુધીના રોડ કામ કરતી એજન્સી કોર્ટમાં ગઈ છે, એ રસ્તો કોર્ટ મેટર છે. ચોમાસામાં પ્રવાસીઓને તકલીફ ન પડે એ માટે નીતિન પટેલે આ રસ્તાના પેચવર્ક માટે ૫ કરોડની ફાળવણી કરી છે. પણ એ રસ્તાનું કામ કરતી એજન્સી માર્ગ-મકાન વિભાગના અધિકારીઓને ગાંઠતી નથી. ગુમાનદેવથી તવડી ગામના રોડ પર માત્ર મેટલના ઢગલા કર્યા છે.



**કોરોના વાયરસને લઈ શોભાયાત્રા મોકુફ રખાઈ**

બનાસકાંઠા જિલ્લા મથક પાલનપુરમાં મંગળવારે ભગવાન જગન્નાથજીની શોભાયાત્રા નિકાળવામાં આવી ન હતી. જોકે, રામજી મંદિર ખાતે ભાવિક ભક્તોએ દર્શન કરી ધન્યતા અનુભવી હતી. પાલનપુરમાં અષાઢી બીજના દિવસે દર વર્ષે ભવ્ય રથયાત્રા નીકાળીને ભગવાનને શહેરમાં પરિભ્રમણ કરાવવામાં આવે છે. જોકે, આ વખતે કોરોના વાયરસના સંક્રમણના કારણે રથયાત્રા નીકાળવાની તંત્ર દ્વારા પરમિશન આપવામાં આવી નથી.પરિણામે રથયાત્રા નીકાળવામાં આવી ન હતી.આ અંગે રામજીમંદિરના મહંત શ્રી રાઘવદાસજી મહારાજે જણાવ્યું હતુ કે, ભગવાન જગન્નાથ ભગવાનને મંદિરમાંથી બહાર નીકાળવામાં આવ્યા ન હતા. જ્યાં ભગવાનની આરતી ઉતારવામાં આવી હતી. અને સંપૂર્ણ સોશિયલ ડિસ્ટન્સ સાથે ભાવિક ભક્તોએ ભગવાનના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

# કચ્છના માંડવીમાં ધોધમાર, સૌરાષ્ટ્રમાં પણ ભારે વરસાદ

## ભારે વરસાદને પગલે નદીઓ ગાંડીતુર બની : માંડવીમાં ઘરોમાં પાણી ભરાયા, દ.ગુજરાતમાં મેઘરાજાની જમાવટ

રાજ્યમાં ઘણા વિસ્તારોમાં વરસાદનું આગમન જોવા મળી રહ્યું છે. થોડાક દિવસોના વિરામબાદ કચ્છમાં સવારથી ધોધમાર વરસાદ જોવા મળ્યો. માંડવીમાં વહેલી સવારથી મેઘરાજાની ધમાકેદાર બેટિંગ જોવા મળી રહી છે. જેથી ચારે તરફ પાણી જ પાણી જોવા મળ્યું છે. કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદને કારણે સોસાયટીઓમાં પાણી ઘૂસી ગયા છે. ક્યાંક તો કમર સુધી પાણી ભરાયા છે અને પાર્ક કરેલી ગાડીઓ પણ ડૂબી ગઈ છે. માંડવીમાં ભારે વરસાદને કારણે ઘરોમાં બે ફુટથી વધારે પાણી ઘૂસી ગયા છે. કચ્છના જ મુદ્રામાં ૪૩, અબડાસામાં ૩૦ મીમી વરસાદ પડયો છે. ગાંધીધામ, નખત્રાણામાં પણ આજે સામાન્ય વરસાદ પડયો છે. કચ્છ સિવાય સૌરાષ્ટ્રના અન્ય જિલ્લામાં પણ સારો વરસાદ નોંધાયો છે. જુનાગઢના કેશોદમાં સવારે છથી બપોરે ૧૨ વાગ્યા સુધી ૭૫ મીમી, માળિયામાં ૨૪ મીમી, જુનાગઢના જ વંથલીમાં ૧૯ મીમી વરસાદ પડ્યો છે. દક્ષિણ ગુજરાતમાં પણ આજ સવારથી વરસાદની જમાવટ થઈ છે. સુરતના ચોર્યાસી, પલસાણામાં અનુક્રમે ૨૩ અને ૨૧ મીમી વરસાદ પડી ચૂક્યો છે. સુરત સિટીમાં પણ ૧૯ મીમી વરસાદ નોંધાયો છે. હવામાન ખાતાના જણાવ્યા અનુસાર, ગુજરાતમાં ચોમાસાની સત્તાવાર શરૂઆત થઈ ચૂકી છે. સમગ્ર સૌરાષ્ટ્ર, રાજકોટ તેમજ મધ્ય ગુજરાતમાં પણ અત્યારસુધી સારો એવો વરસાદ પડયો છે. સૌથી ઓછો વરસાદ જ્યાં પડે છે તેવા કચ્છમાં સવારથી જ ધોધમાર વરસાદ પડતાં ચારે તરફ પાણી ભરાઈ ગયા છે.

# નાના બાળકો સાથે રથયાત્રા કાઢનાર ચાર સામે ગુનો નોંધાયો

## શાહપુરના નાગોરીવાડમાં રથયાત્રા નિકાળી હતી : આ રથયાત્રામાં રથ, ટ્રકો, અખાડાઓ, ભજન મંડળીઓ લાકડાના હતા અને બાળકોએ લારીમાં રથ ખેંચ્યા હતા

અમદાવાદ, તા. ૨૩

શહેરના શાહપુર વિસ્તારમાં બાળકો સાથે મિની રથયાત્રા કાઢનારા ચાર શખ્સોની ધરપકડ કરવામાં આવી હતી. સોમવારે શાહપુરના નાગોરીવાડ વિસ્તારમાં પોલીસ પરવાનગી વગર બાળકોને સાથે રાખીને મિની રથયાત્રા કાઢવામાં આવી હતી. જેથી આયોજકો સામે જાહેરનામા ભંગનો ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. જોકે ધરપકડ બાદ તેમને જામીન પર મુક્ત પણ કરી દેવાયા હતા. શાહપુરમાં બાળકો સાથે કાઢવામાં આવેલી આ રથયાત્રામાં રથ, ટ્રકો, અખાડા, ભજન મંડળી લાકડાના હતા અને બાળકોએ લારીમાં રથ ખેંચ્યા હતાં. પોલીસની પરવાનગી વગર આ મિની રથયાત્રામાં ૩૦૦ થી વધુ લોકો જોડાયા હોવાથી પોલીસે તેમની વિરુદ્ધ જાહેરનામાના ભંગનો ગુનો નોંધી ચાર શખ્સની ધરપકડ કરી હતી. પ્રાપ્ત વિગતો મુજબ જય રણછોડ, માખણચોરના નાદ સાથે સોમવારે સવારે ૧૧.૦૦ વાગ્યે શાહપુરના નાગોરીવાડ વિસ્તારમાંથી કાઢવામાં આવેલી મિની રથયાત્રા નવી વડવાળી પોળ ખાતે પૂર્ણ થઈ હતી. જો કે, બાળકો સાથેની મિની રથયાત્રાનો વિડીયો સોશિયલ મીડિયામાં પણ વાયરલ થયો હતો. બાદમાં આ વિડીયો શાહપુર પોલીસ સુધી પણ પહોંચ્યો હતો. પીઆઈના જણાવ્યુ મુજબ, બાળકો સાથે રથયાત્રા યોજનારા ચાર લોકોની ધરપકડ કરવામાં આવી હતી. ૧૪૩ વર્ષમાં આજે પહેલીવાર જગન્નાથ મંદિરેથી રથયાત્રા અમદાવાદના રસ્તા પર ફરવાને બદલે માત્ર મંદિરના પ્રાગણમાં જ ફરી હતી. કોરોનાની સ્થિતિને ધ્યાનમાં લેતા હાઈકોર્ટે રથયાત્રા કાઢવાની મંજૂરી આપવાનો ઈન્કાર કરતાં આજે સવારની મંગળા આરતી, પહિંદ વિધિ બાદ રથયાત્રાનું વિધિવત્ રીતે પ્રસ્થાન થયું હતું, પરંતુ રથ મંદિરની બહાર નહોતા નીકળ્યા. દર વર્ષની માફક આ વર્ષે પણ ખલાસી ભાઈઓ રથ ખેંચવા માટે મંદિરે વહેલી સવારે પહોંચી ગયા હતાં. તેમણે ત્રણેય રથને ખેંચીને મંદિરના પ્રાંગણમાં ફેરવ્યા હતાં. આ ઘટનાના અનેક ભક્તો પણ સાક્ષી બન્યા હતાં. રથ જ્યારે મંદિરમાં ફરી રહ્યા હતાં ત્યારે સમગ્ર જગન્નાથ મંદિર જય રણછોડ માખણચોરના નારાથી ગુંજી ઉઠ્યું હતું.

# અમદાવાદમાં ૭૫ રેલકર્મીઓ કોરોના પોઝિટિવ, ૧૦થી વધુના મોત

અમદાવાદ,તા.૨૩

ગુજરાત રાજ્યમાં જીવલેણ કોરોનાનો કહેર યથાવત છે. ત્યારે આ વાયરસના ભરડામાં અમદાવાદ શહેર સૌથી વધુ અસર ગ્રસ્ત છે. જ્યારે કોરોનાના મામલે વધુ એક ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. જેમાં ભારતીય રેલ્વેનાં કર્મચારીઓનાં રિપોર્ટ પોઝિટીવ આવતા તંત્રમાં ખળભળાટ મચી ગયો છે. પશ્ચિમ રેલવેના અમદાવાદ વિભાગમાં ૭૫થી વધુ કર્મચારીઓ કોરોના પોઝિટિવ હોવાનું ધ્યાને આવ્યું છે.

જેમાં ૧૦ થી વધુ રેલ કર્મચારીઓના મોત કોરોનામાં થઈ ગયા છે. વેસ્ટર્ન રેલવે એમ્પ્લોઈઝ યુનિયનના મંડળ સંગઠનમંત્રીના જણાવ્યા મુજબ કોરોના સંક્રમણનો ભોગ મોટાપાયે રેલ કર્મચારીઓ બની રહ્યા છે. આથી તકેદારીના ભાગરૂપે તેમજ સોશિયલ ડિસ્ટન્સિંગ જળવાઈ રહે તે માટે ૫૦ ટકા સ્ટાફને કામના સ્થળે બોલાવવાની માંગણી જીએમ સુધી કરાઈ છે. અમદાવાદ વિભાગમાં ૨૦ હજાર કર્મચારીઓ કામ કરી રહ્યા છે. તેઓને હાલમાં કોરોના સંક્રમણના કેસમાં ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે એડવાન્સ પેમેન્ટ સિસ્ટમ રેલવે દ્વારા લાગુ કરાઈ છે.

# જામનગરના વેપારીઓ બપોર પછી સ્વૈચ્છિક લોકડાઉન પાળશે

દેશમાં કોરોના હજુ કાબૂમાં નથી આવ્યો અને ગુજરાતમાં તો કોરોનાના કેસોની સંખ્યા વધતી જ જાય છે. ગુજરાતમાં કોરોનાના કેસો વધી રહ્યા છે એવાં શહેરોમાં જામનગર પણ છે ત્યારે જામનગરના વેપારીઓએ એક પ્રસંશનિય નિર્ણય લઈને બપોર પછી સ્વૈચ્છિક લોકડાઉન પાળવાની જાહેરાત કરી છે. જામનગરમાં વધી રહેલા કોરોના કેસને કારણે ધી સીડ્ઝ એન્ડ ગ્રેઈન મર્ચન્ટ એસોસીએશન દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે. એસોસિએશને કરેલી જાહેરાત પ્રમાણે , આવતી કાલે બુધવારથી ગ્રેઈન માર્કેટમાં આવેલી તમામ દુકાનો માત્ર સવારે ૯ થી બપોરે ૨ સુધી જ ખુલ્લી રાખવામાં આવશે. આ સમય સિવાય ગ્રેઈન માર્કેટમાં સ્વૈચ્છિક લોકડાઉન રહેશે અને કોઈ પણ દુકાન ખુલ્લી નહીં રહે. ગ્રાહકોએ આ સમય દરમિયાન પોતાના માટે જરૂરી ચીજો લઈ લેવાની રહેશે.

### લદ્દાખમાં સેના... ● પહેલા પાનાનું ચાલુ

વચ્ચે એ જ જગ્યાએ ૬ જૂનનાં લેફ્ટનન્ટ સ્તરની પહેલા સ્તરની વાતચીત થઈ હતી, ત્યારબાદ બંને દેશોએ આ અવરોધ દૂર કરવા માટે એક સમજૂતીને અંતિમ રૂપ આપ્યું હતુ. જો કે ૧૫ જૂનનાં થયેલી હિંસક અથડામણ બાદ સરહદ પર સ્થિતિ બગડી ગઈ, કેમકે બંને પક્ષોએ ૩,૫૦૦ કિલોમીટરની વાસ્તવિક સરહદની પાસે મોટાભાગનાં ક્ષેત્રોમાં પોતાની સૈન્ય તૈનાતી ઘણી ઝડપી કરી દીધી. ઉલ્લેખનીય છે કે ભારત અને ચીનની વચ્ચે લાઈન ઑફ એક્ચુઅલ કંટ્રોલ (ન્છઝ) પર ચાલી રહેલી ખેંચતાણ વચ્ચે સોમવારનાં લેફ્ટનન્ટ જનરલ સ્તરની વાતચીત થઈ હતી.

ભારતીય પક્ષનું નેતૃત્વ ૧૪મી કોરનાં કમાન્ડર લેફ્ટનન્ટ જનરલ હરિંદર સિંહે કરી જ્યારે ચીની પક્ષનું નેતૃત્વ તિબેટ મિલિટ્રી ડિસ્ટ્રિક્ટનાં કમાન્ડરે કર્યું હતુ. ન્છઝની બીજી તરફ ચીનનાં મૉલ્ડો વિસ્તારમાં બંને સેનાઓનાં અધિકારીઓ વચ્ચે બેઠક થઈ. આ બેઠક લગભગ ૧૨ કલાક બાદ ખત્મ થઈ. સૂત્રોનાં જણાવ્યા પ્રમાણે, સોમવારનાં થયેલી કોર કમાન્ડરની બેઠક સકારાત્મક માહોલમાં થઈ.૧૫ જૂનની રાત્રે ન્છઝ પર ભારત અને ચીનનાં સૈનિકો વચ્ચે હિંસક અથડામણ થઈ હતી. જેમાં ૨૦ ભારતીય સૈનિકો શહીદ થયા હતાં. ઉપરાંત મળતી માહિતી અનુસાર ચીનનાં પણ ૪૩થી વધુ સૈનિકો આ અથડામણમાં માર્યા ગયા હતાં. પરંતુ ચીને હજુ સુધી માર્યા ગયેલા સૈનિકોની સંખ્યા નથી આપી.

### વિઝા પર પ્રતિબંધ... ● પહેલા પાનાનું ચાલુ

આર્થિક સંકટના લીધે પોતાની નોકરીઓ ગુમાવી દીધી છે. નવેમ્બરમાં યોજાનાર રાષ્ટ્રપતિ ચૂંટણી પહેલાં ટ્રમ્પે આ પગલું ભર્યું છે. ઉલ્લેખનીય છે કે, કોરોના વાયરસના કારણે અમેરિકામાં બેરોજગારી વધી છે. અમેરિકાના લોકોને નોકરી આપવી પ્રાથમિકતા છે. ટ્રમ્પના નિર્ણયથી ૨,૪૦,૦૦૦ લોકો પ્રભાવિત થશે. અમેરિકામાં દર વર્ષે ૮૫,૦૦૦ લોકોને એચ-૧બી વિઝા મળે છે. જેમાં ૭૦ ટકા ભારતીયોને ફાળે આવે છે.

મંગળવારે ટ્રમ્પ વહીવટીતંત્ર એચ-૧બી વિઝા તેમજ એચ-૪, એચ-૨બી, જે અને એલ વિઝા આપવા પર પ્રતિબંધ લગાવ્યો છે.. ટ્રમ્પે આવા વિઝા માટે લોટરી સિસ્ટમ તાત્કાલિક બંધ કરવા કહ્યું હતું. અમેરિકન સરકારે કહ્યું કે વિઝા સંબંધિત નવા પ્રતિબંધો આ વર્ષના અંત સુધીમાં ૫ લાખ ૨૫ હજાર નોકરીઓને અસર કરશે. અમેરિકામાં કોરોના સંક્રમણના કારણે અત્યાર સુધીમાં ૩૦ લાખથી વધુ લોકોએ તેમની નોકરી ગુમાવી છે.

વ્હાઈટ હાઉસના વરિષ્ઠ અધિકારીએ સોમવારે કહ્યું હતું કે ૩૧ ડિસેમ્બર સુધી વિદેશીઓને ગ્રીન કાર્ડ આપવામાં આવશે નહીં. જો કે જાણીતી ગૂગલ કંપનીના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર સુંદર પિચાઈએ જણાવ્યું હતું કે સ્થળાંતર કરનારાઓએ અમેરિકાને આર્થિક રીતે મજબૂત બનાવવામાં મદદ કરી હતી અને ટેકનોલોજીના ક્ષેત્રમાં દેશને નંબર વન બનાવ્યો હતો. તેથી સ્થળાંતર કરનારા કર્મચારીઓને કારણે ગૂગલ આ તબક્કે છે. ઈમિગ્રેશન સંબંધિત સરકારના નિર્ણયથી હું નિરાશ છું. અમે સ્થળાંતર કરનારાઓની સાથે ઉભા રહીશું અને તેમને તમામ પ્રકારની તકો પૂરી પાડવા માટે કામ કરીશું.

### પુરીમાં જગન્નાથજી... ● પહેલા પાનાનું ચાલુ

શંકરાચાર્ય સ્વામી નિશ્ચિલાનંદ સરસ્વતી અને ગજપતિ મહારાજ દિબ્યસિંહ દેબ પણ પૂજન કરવા પહોંચ્યા હતા. પૂજન બાદ પુરીના ગજપતિ મહારાજે સોનાની સાવરણીથી જગન્નાથજીના રથની પહિંદ વિધિ કરી કરી હતી. ૨૫૦૦ વર્ષથી વધુ જુની રથયાત્રાના ઈતિહાસમાં પ્રથમ વખત એવી બનશે કે ભગવાન જગન્નાથની રથયાત્રા નીકળશે પરંતુ ભક્તો ઘરોમાં બંધ હશે. કોરોના મહામારીના કારણે પુરી શહેરને સંપૂર્ણ લોકડાઉન કરીને રથયાત્રાને મંદિરના ૧૧૭૨ સેવક ગુંડિચા મંદિર સુધી લઈ ગયા. ૨.૫ કિમીની આ યાત્રા માટે મંદિર સમિતિએ દિલ્હીના દ્વારે પણ જવું પડ્યું હતું. સુપ્રીમ કોર્ટના પ્રતિબંધ પછી, મંદિર સમિતિ સાથેની અનેક સંસ્થાઓએ સરકારને રથયાત્રા માટે ફરીથી પ્રયાસ કરવાની માગ કરી હતી. સુપ્રીમ કોર્ટમાં ૬ અરજીઓ દાખલ કરવામાં આવી હતી. ચુકાદો આખરે મંદિર સમિતિની તરફેણમાં આવ્યો અને પુરી શહેરમાં ઉત્તેજનાની લહેર ફેલાઈ ગઈ હતી. ચુકાદો આવતાની સાથે જ સેવકો મંદિરની સામે ઉભા રથને ખેંચીને મંદિરની સામે લાવ્યા.

મંગળવારે રથયાત્રા પૂરી કરીને ભગવાન જગન્નાથ પોતાના ભાઈ બલભદ્ર અને બહેન સુભદ્રા સાથે માસીના ઘર મુખ્ય મંદિરથી અઢી કિમી દૂર ગુંડિચા મંદિર પહોંચ્યા હતા. શહેરમાં ૯ દિવસ ઉત્સવ ઉજવવામાં આવશે. મંદિર સમિતિ પહેલા જ નક્કી કરી ચુકી છે કે, ઉત્સવ દરમિયાન લોકોને આ બંને મંદિરોથી દૂર રાખવામાં આવશે. પુરી લોકડાઉન હટાવવામાં આવ્યા પછી પણ ધારા ૧૪૪ લાગુ રહેશે. ભગવાન જગન્નાથનો રથ ૧૫ દિવસ મોડો બનવાનો શરૂ થયો હતો, પરંતુ કારીગરોએ ઓછા સમયમાં વધુ કામ કરીને રેકોર્ડ ૪૦ દિવસમાં કામ પૂરું કર્યું હતું. ભગવાન જગન્નાથ માટે જગન્નાથ મંદિરમાં ૭૫૨ ચૂલા ઉપર ખાવાનું બનાવવામાં આવે છે. તે વિશ્વના સૌથી મોટા રસોડાનો દરજ્જો ધરાવે છે. અહીંના ચૂલા રથયાત્રાના નવ દિવસ માટે ઠંડા થઈ જાય છે. ગુંડિચા મંદિરમાં ૭૫૨ ચૂલા ઉપર રસોઈ થાય છે. જેને જગન્નાથના રસોડાની પ્રતિકૃતિ માનવામાં આવે છે. આ ઉત્સવ દરમિયાન ભગવાન માટે ખાવાનું અહીં બનાવવામાં આવશે. ભગવાન જગન્નાથનો રથ- તેના ત્રણ નામ છે- ગરુડધ્વજ, કપિધ્વજ, નંદીઘોષ વગેરે. ૧૬ પૈડાવાળા આ રથ ૧૩ મીટર ઉંચા હોય છે. રથના ઘોડાનું નામ શંખ, બલાહક, શ્વેત અને હરિદાશ્વ છે. તે સફેદ રંગના હોય છે. સારથીનું નામ દારુક છે. રથ પર હનુમાનજી અને નરસિંહ ભગવાનનું પ્રતીક હોય છે. રથ પર રક્ષાનું પ્રતીક સુદર્શન સ્તંભ પણ હોય છે.

### દેશમાં કોરોના... ● પહેલા પાનાનું ચાલુ

એક જ દિવસમાં કોરોનાના ૨,૯૦૯ નવા કેસ સામે આવ્યા હતા સાથે કુલ કેસોની સંખ્યા ૬૨,૬૫૫ પર પહોંચી ગઈ છે જેમાંથી ૨૩,૮૨૦ એક્ટિવ કેસ છે અને ૩૬,૬૦૨ લોકો સાજા થઈ ગયા છે. તમિલનાડુમાં કોરોનાગ્રસ્ત દર્દીઓની સંખ્યા ૬૨,૦૮૭ પર પહોંચી ગઈ છે જેમાંથી ૭૯૪ લોકોના મોત થઈ ગયા છે.

દેશમાં કોરોના સંક્રમિતોનો આંકડો ૪.૪૦ લાખ થયો છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧૪૯૩૩ નવા કેસ પ્રકાશમાં આવ્યા છે.. સોમવારે ૧૦ હજાર ૮૭૯ દર્દીઓ સાજા થઈ ગયા છે અને ૩૧૨ લોકોના મોત થયા છે. સૌથી વધુ મહારાષ્ટ્રમાં ૩૭૨૧ નવા મામલાઓ અને સૌથી વધુ ૧૧૩ મોત થયા છે. દિલ્હીમાં ૨૯૨૯ દર્દીઓ વધ્યા, જ્યારે સૌથી વધુ ૩૫૮૯ દર્દીઓ સાજા થયા છે. દેશમાં કુલ એક્ટિવ કેસમાં માત્ર ૨૩૫૭ દર્દીઓ વધ્યા છે. અત્યાર સુધીમાં કુલ ૧.૭૮ લાખ એક્ટિવ કેસ છે. ૨.૪૮ લાખ દર્દીઓ સાજા થઈ ચૂક્યા છે, જ્યારે ૧૪ હજાર સંક્રમિતોના મોત થયા છે.

૫ રાજ્યોમાં કોરોનાના કેસોની સ્થિતિની વિગતોમાં મહારાષ્ટ્ર સોમવારે ૩૭૨૧ સંક્રમિત મળ્યા અને ૧૧૩ના મોત થયા છે.નૌકા દળના જહાજ આઈએનએસ શિવાજીના ૮ કેડેટ્સનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. મુંબઈમાં ૧૦૯૮, ઠાણેમાં ૧૦૦૨ કેસ વધ્યા. રાજ્યમાં સંક્રમિતોની સંખ્યા ૧ લાખ ૩૫ હજાર ૭૯૬ થઈ છે, તેમાંથી ૬૧ હજાર ૭૯૩ એક્ટિવ કેસ છે. કોરાનાથી અત્યાર સુધીમાં ૬૨૮૩ લોકોએ જીવ ગુમાવ્યા છે.

### આયુર્વેદિક દવા... ● પહેલા પાનાનું ચાલુ

ઈન્સ્ટિટ્યૂટ (ઁ), હરિદ્વાર એન્ડ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ (ઞ્રિંસ્જી), જયપુર દ્વારા કરાયું છે. દવાનું નિર્માણ દિવ્ય ફાર્મસી, હરિદ્વાર અને પતંજલિ આયુર્વેદ લિમિટેડ, હરિદ્વાર દ્વારા કરવામાં આવી રહ્યુ છે.યોગગુરુ બાબા રામદેવે મંગળવારે કોરોનાની આયુર્વેદિક દવા કોરોનિલની શરૂઆત કરી. તેણે કોરોનિલ ટેબ્લેટથી કોરોના દર્દીઓનો ઈલાજ કરવાનો દાવો કર્યો હતો. રામદેવે કહ્યું કે કોરોના પર દવા બે વાર અજમાવવામાં આવી છે. ડ્રગ ક્લિનિકનું ૧૦૦ લોકો પર પરીક્ષણ કરવામાં આવ્યું છે. ૩ દિવસની અંદર, ૧૦૦ દર્દીઓમાંથી ૬૯% દર્દીઓના સકારાત્મક પરિણામ આવ્યા હતા. ૧૦૦% દર્દીઓ ૭ દિવસની અંદર મટાડવામાં આવે છે. આ પ્રસંગે રામદેવે કહ્યું કે, "આ ક્ષણ આખા દેશ અને દુનિયાની રાહ જોઈ રહી હતી, આજે અમે ઘોષણા કરીએ છીએ કે કોરોનાની દવા તૈયાર થઈ છે. આખું વિશ્વ એવિડિટી આધારિત દવા પર કામ કરી રહ્યું છે. પ્રોફેસર બલબીર સિંઘ તોમર અને અમારા આચાર્ય જીના સંયુક્ત પ્રયત્નોથી કોરોનાની દવા તૈયાર કરવામાં આવી છે. તેમણે વધુમાં ઉમેર્યું, "ક્લિનિકલ કેસ સ્ટડીમાં અમે ૨૦૦ દર્દીઓનો સમાવેશ કર્યો હતો અને બધાને સ્વસ્થ કરવામાં આવ્યા હતા. ક્લિનિકલ કંટ્રોલ ટ્રાયલ પણ કરાઈ હતી. પતંજલિ રિસર્ચ સેન્ટર પરાઈ અને નિમ્સે ટ્રાયલ કર્યું હતું. ૯૫ દર્દીઓએ ભાગ લીધો હતો અને ૩ દિવસની અંદર ૬૯ ટકા દર્દીઓ રિકવર થયા હતા જ્યારે ૭ દિવસની અંદર ૧૦૦ ટકા દર્દીઓ રિકવર થયા હતા.

### વિશેષ ઉડાનો પર... ● પહેલા પાનાનું ચાલુ

ઉડાનો માટે નો એન્ટ્રીનું ફરમાન જારી કર્યું છે. બ્લૂમબર્ગ મીડિયા રિપોર્ટ અનુસાર, અમેરિકાએ આરોપ લગાવ્યો છે કે ભારત એવિએશન એગ્રીમેન્ટને તોડી રહ્યું છે. અમેરિકાના ટ્રાન્સપોર્ટ ડિપાર્ટમેન્ટનું કહેવું છે કે કોરોનાકાળમાં ભારત સરકારે એર ઈન્ડિયાના વિશેષ વિમાનોને તેનાં લોકોને અન્ય દેશોમાંથી લાવવા મોકલે છે, એર ઈન્ડિયા તેની ટિકિટો પણ વેચી રહી છે. બીજી તરફ, ભારતમાં અમેરિકન એરલાઈન્સની સામે પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. આને કારણે અમેરિકન એરલાઈન્સને નુકસાન થઈ રહ્યું છે. અમેરિકાનો વધુમાં એવો આરોપ છે કે એર ઈન્ડિયા કોરોના વાયરસના પ્રકોપ વચ્ચે પહેલાની સરખામણીએ ૫૦ % વધુ ફ્લાઈટ્સના શિડ્યુલની જાહેરાત કરી રહી છે. અમેરિકા પણ ત્યારે જ પ્રતિબંધ હટાવવાનો વિચાર કરીશે, જ્યારે ભારતમાં અમેરિકન એરલાઈન્સને ઓપરેશનની મંજૂરી આપવામાં આવે.

### ગાજી ઉઠ્યું... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ખેંચ્યો હતો. ભગવાનનો સુશોભિત રથ મંદિર પરિસરથી આગળ વધી મંદિરના એક ગેટ પરથી બહાર નિકળ્યો હતો. જયાં કોરોનાની મહામારીને માત આપવાની પ્રાર્થના સાથે ભકિતમય વાતાવરણમાં ભાવિકો થોડીવાર માટે ગરબે ઘુમ્યા હતા. સોશિયલ ડીસ્ટન્સીંગ તેમજ મોઢે માસ્ક પહેરીને રથયાત્રામાં જોડાયેલા ભાવિકો જય રણછોડ માખણચોરના જયઘોષ સાથે ગરબે ઘુમતા નજરે પડયા હતા. પોલીસની હાજરીમાં ભગવાનનો રથ પુન: મંદિરમાં લઈ જવા માટે સંકેત મળતા થોડીવારમાં જ રથયાત્રા મંદિરના બીજા ગેટ પરથી અંદર પ્રવેશી હતી. જયાં ભગવાનના રથને હનુમાન મંદિર પાસે લઈ જવાયો હતો. ત્યાં આરતી અને પુજાવિધી યોજવામાં આવી હતી. જયારે દિવ્ય રથ દર્શન માટે મુકાતા એક બાદ એક આવતા ભાવિકોએ જગન્નાથજીના દિવ્ય દર્શનનો લાભ લીધો હતો. દિવસ દરમિયાન મોટી સંખ્યામાં ભાવિકોએ દર્શનનો લાભ લીધો હતો.જયારે દિવસ દરમિયાન પણ ભાવિકો સતત જગન્નાથજીના દર્શન માટે આવતા રહ્યા હતા. મંદિર પરિસરમાં સ્થિત ભગવાનના રથના ભાવિકોએ મોઢે માસ્ક પહેરીને સોશિયલ ડીસ્ટન્સીંગના પાલન સાથે દર્શન કર્યા હતા. છેલ્લા ૩૫ વર્ષથી શહેરમાં નિકળતી ભગવાન જગન્નાથજીની રથયાત્રા ગાંધીનગરના માર્ગો પર નિકળે છે જયારે આ વર્ષે કોરોનાના કહેર વચ્ચે રથયાત્રા માત્ર મંદિર પરિસર ફરતે નિકળી હતી અને દિવસ દરમિયાન ભાવિકોએ મંદિર પહોંચી ભગવાનના દર્શનનો લાભ લીધો હતો. આ તબક્કે ભાવિકોએ દેશ દુનિયામાં નાગરિકોના આરોગ્ય અને શાંતિ માટે પ્રાર્થના કરી હતી. સાંજના સમયે પણ ભગવાનની આરતી અને પુજા વિધી યોજવામાં આવી હતી.